PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૪/કવા–૦૪/૧૬–૧૭/ ૧૬૦૭ તા. 29/03/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
નટવરલાલ કાનજીભાઈ ભાલોડીયા,
ગામ: ગોમટા,
તા. ગોંડલ
જી. રાજકોટ
મો: ૯૮૨૫૭ ૧૫૪૧૪

વિષય :–ઓદ્યોગીક જોડાણ મા નામ બદલી અને લોડ વધારા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૬–૦૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૪/કવા–૦૪/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2 )

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસેં લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 02 [B]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૪/ક્વા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૨–૦૨–૧૭ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: નટવરલાલ કાનજીભાઈ ભાલોડીયા,ગામ: ગોમટા

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :એસ.જે.સોની, નાયબ ઈજનેર (ટેક), વિભાગીય કચેરી ગોંડલ

## : હુકમ :

**ફરીયાદ : ઓર્દ્યોગીક જોડાણ મા નામ બદલી અને લોડ વધારા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી એ, ઓર્દ્યોગીક વીજજોડાણ નં.: ૮૭૭૧૮/૦૧૮૪૬/૫ ( ૭.૫ હોપા) નુ સ્થળ અન્ય ના નામે તબ્દીલ કરેલ છે. જેથી, નામ બદલી સાથે વીજભાર વધારા ની, નિયત અરજી જે રૂ.૫૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને, તા.૦૧–૦૪–૧૬ ના રોજ રજુ કરેલ હતી. જેની મંજુરી પણ સક્ષમ કચેરી તરફથી મળી ચુકેલ છે. પરંતુ, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી નામ બદલી અને વીજભાર વધારા નુ નિયમાધીન ભાવપત્રક આજદિન સુધી મળેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ની ગામ: ગોમટા ખાતે ના ઓર્દ્યોગીક વીજજોડાણ નં.: ૮૭૭૧૮/૦૧૮૪૬/૫ ( ૭.૫ હોપા) મા, નામ બદલી સાથે વીજભાર વધારા ની, નિયત અરજી જે રૂ.૫૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને, તા.૦૧–૦૪–૧૬ ના રોજ રજુ કરાયેલ અરજી ની મંજુરી પણ સક્ષમ કચેરી તરફથી અગાઉ તા.૨૧–૦૫–૧૬ ના રોજ મળી ચુકેલ હતી. પરંતુ, ''તે સમયે ઇ–ઉર્જા સીસ્ટમ મા, ક્ષતિ થયેલ હોવાના કારણોસર '' સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી નામ બદલી અને વીજભાર વધારા નુ નિયમાધીન ભાવપત્રક, જે અરજદાર શ્રી ને આપી શકાયેલ ન હતુ. હાલ ના તબ્બકે, ઇ–ઉર્જા સીસ્ટમ ની સદર ક્ષતિ નિવારણ થતા, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ને, તેમના સદર ઓર્દ્યોગીક વીજજોડાણ મા નામ બદલી સાથે નુ નિયત ભાવપત્રક નં. ૧૦૭૭, જે તા.૧૬–૦૨–૧૭ ના રોજ ના પત્ર થી આપેલ છે. તેમજ, તેની રકમ પણ અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. આમ, આ કાર્યવાહી અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ અને તેમના તા.૨૧–૦૨–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે ની, નામ બદલી મંજુરી સબબ ની તમામ કાર્યવાહી, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ અને તેમના તા.૨૧–૦૨–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ ને અરજદાર ના તા.૨૧–૦૨–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..